# શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ.,વડોદરા ખાતે “વિશ્વ પર્યાવરણ દિવસ” નિમિતે ઓનલાઇન પોસ્ટર સ્પર્ધા તેમજ વ્યાખ્યાન અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

તા.૦૫/૦૬/૨૦૨૧ શનિવાર ના રોજ “વિશ્વ પર્યાવરણ દિવસ” નિમિતે વર્ષ ૨૦૨૧ માટે “ઇકો-સીસ્ટમ રીસ્ટોરેશન” થીમ આધારીત પોસ્ટર સ્પર્ધા,ઓન લાઇન વ્યાખ્યાન તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમોનુ આયોજન શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે આચાર્યશ્રી ડૉ.બી. એચ. પંચાલના માર્ગદર્શનહેઠળએસ.આર.સી. ચેરમેન ડૉ.આર. જે. મકવાણા દ્વારા કરવામાં આવ્યુ હતુ. ઓનલાઇન વ્યાખ્યાન દરમ્યાન કોલેજ ના વિધાર્થીઓ તેમજ સ્ટાફ સહિત કુલ ૬૩ સભ્યો હાજર રહ્યા હતા જેમા કોલેજના આચાર્યશ્રી દ્વારા ઓનલાઇન પ્રેસેન્ટેશન દ્વારા હાલ વાતાવરણને પ્રદુશીત કરતા પરીબળો તેમજ વાતાવરણને પુન:સ્થાપિત કરવા પ્રત્યે તમામની ફરજો ઉપર ખુબ સુંદર વ્યાખ્યાન આપેલવિશેષમાં દરેક વિધાર્થીને તેમના ઘરે વૃક્ષા રોપણ કરવા અનુરોધ કર્યો હતો. આચાર્યશ્રીના અનુરોધ તેમજ કાર્યક્રમના ભાગ સ્વરૂપે કોલેજ ના મોટા ભાગના વિધાર્થીઓ દ્વારા તેમના રહેણાંક સ્થાને વૃક્ષારોપણ કરવામાં અવ્યુ હતુ.

મોડેલ ફાર્મ કેમ્પસ ખાતે પોલિટેકનિક કોલેજ તેમજ“રક્ષક ચરીટેબલ ટ્રષ્ટ ફોર રેસ્ક્યુ એન્ડ એન્વારોમેન્ટ” તેમજ ના સંયુક્ત ભાગ રૂપે અમુક ખાસ પ્રકારના વૃક્ષો કે જે વધુ પ્રમાણમાં ઓક્સીજન ઉતસર્જિત કરતા હોય જેવાકે આંબો,બીલીપત્રક, સપ્તપર્ણી, નીલગીરી વિગેરે અને શહેરી વિસ્તારમાં ધુળ, અવાજ અને સલ્ફર પ્રદુશણ સામે સારૂ રક્ષણ આપે એવા વૃક્ષો જેવાકે ગરમાળો, સીલ્વર-ઓક, આસોપાલવ, જામુન તેમજ ગુલમોહર વિગેરે જેવા કુલ ૫૦ જેટલા વૃક્ષોનું પ્લાન્ટેશન કરવામાં આવ્યુ હતુ. સદર વૃક્ષારોપણ કાર્યક્રમમાં કઠોળ સંશોધન કેંદ્રના વડા ડો.એચ.પી.પટેલશ્રી તથા સહ-સંશોધન વૈજ્ઞાનિક ડો.બી.એન.પટેલ એ પણ ભાગ લીધો. વિધાર્થીઓ દ્વારા “વિશ્વ પર્યાવણર દિવસ”માટે “ઇકો-સીસ્ટમ રીસ્ટોરેશન” થીમ આધારીત બનાવાયેલ પોસ્ટરની સ્પર્ધા યોજાઇ જેમા અત્રેની કોલેજની બનેલ જજ કમિટિએ મુલ્યાંકન કરી વિધાર્થીઓને પોત્સાહિત કરવા માટે પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન જાહેર કરેલ. કોલેજ ગાર્ડનમાં ડો. આર. જે. મકવાણાના માર્ગદર્શન હેઠળ કોલેજના ૪થા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી વિધાર્થીની નેત્રા જોષી દ્વારા LAWN MOVING PATTERN ડિઝાઇન દ્વારા ગાર્ડન લોન ઉપર “RESTORE EARTH” સ્લોગનનું લખાણ કરી સુંદરડિઝાઇન બનાવાઇ. અંતમા એસ.આર.સી. ચેરમેન ડો. આર. જે. મકવાણાએ રક્ષક ગ્રુપ, કઠોળ સંશોધન કેંન્દ્રના વડા તેમજ તમામ સ્ટાફનો કાર્યક્રમ સફળ બનાવવા આભાર વ્યક્ત કર્યો.






ઓનલાઇન આચાર્યશ્રીનુ વ્યાખ્યાન






પોસ્ટર સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ પોસ્ટર







વિધાર્થીઓ દ્વારા પોત પોતાના ઘરે વૃક્ષા રોપણ કરાયુ






કેમ્પસ ખાતે વૃક્ષા રોપણ કાર્યક્રમ












કેમ્પસ ખાતે વૃક્ષા રોપણ કાર્યક્રમ